રજુ કર્યા તારીખ : ૨૩/૯/૨૦૧૪
નોંધણી કર્યા તારીખ:૨૬/૯/૨૦૧૪
નિર્ણય કર્યા તારીખ :૧૮/૫/૨૦૧૮
સમયગાળો : વર્ષ માસ દિવસ.

---

**અમદાવાદના મે.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,અમદાવાદ સમક્ષ**

---

**ફો.કે.નં.૧૦૦૫૮૭/૨૦૧૪**

**આંક:–**

ફરીયાદીઃ– સ ર કા ર
વિરુધ્ધ
તો.દારઃ– ૧ કુલદિપસિંહ રાજકિશોરસિંહ ભદોરીયા,(**એબેટ**)
રહે.મ.નં.એ/૧, પુર્ણપુરષોતમ સોસાયટી,
બલોલનગર, રાણીપ, અમદાવાદ.
૨ કીરીટભાઈ ઈશ્વરજી ઠાકોર,
રહે.મ.નં.૩૭૨, નીલકંઠ મહાદેવની ચાલી,
અસારવા, શાહીબાગ, અમદાવાદ.

**ધી પ્રોહી.એકટની કલમ–૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબ.**
**ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.કે.સારેસા**
**આરોપી તરફેશ્રી એસ.બી.પ્રજાપતિ**

## ઠ રા વ

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તાઃ૩૦/૪/૧૪ ના રોજ કલાક ૨૦.૦૦ વાગે શાહીબાગ બળીયા લીમડી ચાર રસ્તા પાસે આરોપી કુલદિપસિંહના એ આરોપી કીરીટભાઈ પાસેથી પરપ્રાંતીય ઈંગ્લીશ દારુ ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૨ વગર પાસ પરમીટે પોતાની મોટર સાયકલ નં. જીજે–૧–પીડી–૧૨૦૭ ઉપર લઈ આવી રેડ દરમ્યાન પકડાઈ જઈને આરોપીઓએ ધી પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧

મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જે અંગે શાહીબાગ પોલીસ સ્ટેશન તરફથી તપાસને અંતે આરોપીઓ સામેનું ઉપરોકત ગુના સબબ ચાર્જસીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) સદર કામના આરોપી નં.૧ કુલદિપસિંહ રાજકિશોરસિંહ ભદોરીયા મરણ પામેલ હોવાનું આંક.પ ના મરણ પ્રમાણપત્રથી જાહેર થતા, સદર કામે તેઓને એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આરોપી અદાલત સમક્ષ હાજર થતાં આરોપીને ક્રિ.પ્રો.કો.ક. ૨૦૭ અન્વયે ધોરણસર ચાર્જસીટની તમામ નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. આરોપી સામે આંક.૬ થી પ્લી નોંધતા આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. જેથી મજકુર કામમાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>:–**

આંક.૭ થી પંચસાહેદ વિષ્ણુભાઈ બાબુભાઈ પટણીની જુબાની

આંક.૯ થી ફરીયાદી શૈલેષકુમાર નવજીભાઈની જુબાની

**<u>દસ્તાવેજી પુરાવો</u>:–**

આંક.૮ થી મુદ્દામાલ રીકવરી પંચનામુ

આંક.૧૦ થી ફરીયાદ

આંક.૧૧ થી પોલીસ સ્ટેશન ચાર્જ અમલદાર રીપોર્ટ

(૪) સદર કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લઈ આ કામના આરોપી સામે ક્રિ.પ્રો. કો.કલમ–૩૧૩ અન્વયે વિશેષ જવાબ નોંધવામાં આવેલ છે જેમા તેઓએ તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ બંને પક્ષના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલી છે.

(પ) ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાનમાં લેતા મારા નીર્ણય માટે નીચે મુજબના નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**મુ દ્દા ઓ :–**

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, તાઃ૩૦/૪/૧૪ ના રોજ કલાક ૨૦.૦૦ વાગે શાહીબાગ બળીયા લીમડી ચાર રસ્તા પાસે આરોપી કુલદિપસિંહનાએ આરોપી કીરીટભાઈ પાસેથી પરપ્રાંતીય ઈંગ્લીશ દારુ ૭૫૦ એમ.એલ. ની બોટલ નંગ–૨ વગર પાસ પરમીટે પોતાની મોટર સાયકલ નં. જીજે–૧–પીડી–૧૨૦૭ ઉપર લઈ આવી રેડ દરમ્યાન પકડાઈ જઈને આરોપીઓએ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

**કા ર ણો**

(૭) ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે પંચ સાહેદ વિષ્ણુભાઈ બાબુભાઈ પટણીને આંક.૭ થી તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે પોલીસ ે તેઓને સહી કરવાનું કહેતા સહી કરી આપેલ, જયારે પોલીસે તેઓની હાજરીમાં કોઈ વ્યકિત વાહન ઉપર જતા હોય અને પરપ્રાંતીય દારુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી તેમ જણાવતા આ પંચ સાહેદને ફરીયાદ પક્ષે વિ.એપીપીશ્રી ધ્વારા પરવાનગીથી ફરી ગયેલ જાહેર કરી અને વિગતવારની ઉલટ તપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જયારે આરોપી તરફેથી ઉલટ તપાસમાં કબુલ કરે છે કે પોલીસે તેમની હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી કે મુદ્દામાલ કબજે કરેલ નથી અને પોલીસે તેઓની તૈયાર પંચનામામા સહી કરાવેલ તે હકીકતનો સ્વિકાર કરેલ છે.

(૮) જયારે ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી શૈલેષકુમાર નવજીભાઈને આંક.૯ થી તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે તા.૩૦/૮/૧

૪ ના રોજ કલાક ૨૦.૦૦ વાગે તેઓ તથા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા ત્યારે બળીયા લીમડી ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો. જગદીશભાઈને બાતમી મળેલ કે મોહન સિનેમા સર્કલ તરફથી એઈ ઈસમ હીરોહોન્ડા નંબરઃ જીજે–૧–પીડી–૧૨૦૭ લઈને પરપ્ર ાંતનો વિદેશી દારુ લઈ પસાર થવાનો છે જેથી બાતમી આધારે બે પંચોના માણસો બોલી હકીકતથી વાકેફ કરી ઓ વોચમા ઉભા રહેલ ત્યારે ઉપર જણાવેલ નંબરવાળી મોટર સાયકલ લઈને એક ઈસમ આવતા તેને કોર્ડન કરી તેની અંગઝડતી કરતા પેન્ટની ફેટમાં રોયલ સ્ટેગ વ્હીસ્કી ૭૫૦ મી.લી.ની બે બોટલો સીલબંધ મળી આવેલ અને તે બોટલો કયાંથી લાવેલ છે તેમ પુછતા બોટલો કીરીટસિંહ પાસ ેથી લાવેલ છે તેમ જણાવેલ, ત્યારબાદ આરોપીઓ સામે બનાવ લગત ફરીયાદ આપેલ. જયારે આરોપી તરફેથી ઉલટ તપાસમાં કામગીરી બતાવવા આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૯) આમ ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લ ેતાં સદર કામે તપાસવામાં આવેલ સાહેદ તે પોલીસસાહેદ છે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. જયારે સદર કામે ફરીયાદ પક્ષ તરફથી જે પંચ સાહેદને તપાસવામાં આવેલ છે તેઓ ફરી ગયેલ જાહેર કરવામાં આવેલ છે. તેથી ફરીયાદ પક્ષ તરફે રજુ કરેલ પંચનામુ સાબીત થતુ નથી. ફરીયાદ પક્ષ તરફથી બનાવવાળી જગ્યા જે જાહેર વિસ્તાર હોવા છતાં તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો સદર કામે નોધવામાં આવેલ નથી. આમ ફરીયાદ પક્ષ આ કામના આરોપી સામેનો ગુનો નિશંકપણે પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ હોય, સદર કામે મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૫(૧) અન્વયે ધી પ્રોહી.એકટની કલમ–૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ

*કરવામાં આવે છે.*

*મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ હીરો હોન્ડા મોટર સાયકલ પરત્વે અગાઉ કરવામાં હુકમ કાયમ કરવામાં આવે છે.*

*જયારે રોયલ સ્ટેગ કલાસીક વ્હીસ્કી બોટલ નં.ર નો અપીલ પીરીયડ બાદ મુદ્દામાલનો નાશ કરવો.*

*આરોપીએ આપેલ જામીન અપીલ પીરીયડ સુધી લંબાવવામાં આવે છે.*

*હુકમ આજ રોજ તારીખ ૧૮, માહેઃ મે, સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.*

*તારીખઃ–૧૮/૫/૨૦૧૮*
*અમદાવાદ.*

*(બી.બી.પટેલ)*
*ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*
*અમદાવાદ.*
*કોડ નં.જીજે ૦૦૨૯૨*